# શ્રી શક્તિ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ અને ગુજ. યુનિ.નાં ઉપક્રમે પુસ્તક લોકાર્પણ સમારોહ યોજાયો



શ્રી શક્તિ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ - રાષ્ટ્ર સેવિકા સમિતિ દ્વારા અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી સભાગૃહ ખાતે દિનાંક ૨૬ માર્ચ, ૨૦૨૩ના રોજ પુસ્તક લોકાર્પણ સમારોહ યોજાયો હતો. જેમાં કવિ તુષારભાઈ શુક્લના હસ્તે 'સ્વાતંત્ર્યસમરની જ્યોત રાણી લક્ષ્મીબાઈ', 'પથદર્શિની શ્રી રામકથા', '૧૮૫૭નાં સ્વાતંત્ર્ય – સમર પહેલાંનો જનસંઘર્ષ' અને 'તપસ્વીની રાજરાણી અહલ્યાબાઈ હોલકર' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કવિ તુષારભાઈ શુક્લે પોતાના વક્તવ્યમાં કહ્યું કે, માતા જીજાબાઈ, રાણી અહલ્યાબાઈ અને રાણી લક્ષ્મીબાઈ ત્રણે ત્રણ વિશેષ પાત્રો છે. ૧૮૫૭ના પહેલાંના ગાળામાં આપણી જે જનજાતિએ સંઘર્ષ કર્યો તથા અંગ્રેજોનાં ઝુલ્મની સામે પોતાના પ્રાણની આહુતિ આપી. તેનો પરિચય નવી પેઢીને થવો જોઈએ. આ સમારોહમાં બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અમીબેન ઉપાધ્યાય તેમજ અન્ય આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.